ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેકસ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ, ભાવનગર.

CIN : U40102GJ2003SGC042908

e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૧૦૫/૨૦-૨૧/ 1835 તારીખ : 21 JUN 2021

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
શ્રી કોળી જીલુભાઈ મગનભાઈ,
મું.પલાસા
તા.મૂળી,
જી.સુરેન્દ્રનગર.
મો.નં. ૯૭૨૭૦ ૩૯૪૨૧.

કેસ નં.૧૦૫/૨૦-૨૧

**વિષય :** નવું ખેતીવાડી કનેકશન ન મળવા બાબત.

**સંદર્ભ :** (૧) આપનો પત્ર તા.૯/૩/૨૦૨૧ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૧૭/૦૩/૨૦૨૧.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૦૫/૨૦-૨૧/૧૦૧૯ તા.૨૨/૦૩/૨૦૨૧.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૦૫/૨૦-૨૧/૧૬૨૩ તા.૨૯/૦૫/૨૦૨૧.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૧૧/૦૬/૨૦૨૧** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી, ભાવનગર.

બિડાણઃ- ઉપર મુજબ.

પ્રતિઃ કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **સુરેન્દ્રનગર.**

*.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાનાઃ-**

(૧) શ્રી અધિક્ષક ઈજનેર, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **સુરેન્દ્રનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) શ્રી નાયબ ઈજનેર, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **મૂળી.**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૧૦૫/૨૦–૨૧/ 1835 તારીખ : 21 JUN 2021

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
શ્રી કોળી જીલુભાઈ મગનભાઈ,
મું.પલાસા
તા.મૂળી,
જી.સુરેન્દ્રનગર.
મો.નં. ૯૭૨૭૦ ૩૯૪૨૧.

કેસ નં.૧૦૫/૨૦–૨૧

**વિષય** : નવું ખેતીવાડી કનેકશન ન મળવા બાબત.
**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.૯/૩/૨૦૨૧ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૧૭/૦૩/૨૦૨૧.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૦૫/૨૦–૨૧/૧૦૧૯ તા.૨૨/૦૩/૨૦૨૧.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૦૫/૨૦–૨૧/૧૬૨૩ તા.૨૯/૦૫/૨૦૨૧.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૧૧/૦૬/૨૦૨૧** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી, ભાવનગર.

બિડાણ:– ઉપર મુજબ.

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **સુરેન્દ્રનગર.**
*.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:–**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **સુરેન્દ્રનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **મૂળી.**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ કેઈસ નંબર – ૧૦૫/૨૦–૨૧ ☜

વાદી :– **શ્રી કોળી જીલુભાઈ મગનભાઈ**

◈ વિરૂધ્ધ ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ રજુઆતની તારીખઃ– તા.૧૧/૦૬/૨૦૨૧ ◈

હાજર રહયા :– **શ્રી કોળી જીલુભાઈ મગનભાઈ (વાદી પોતે)**

પ્રતિવાદી :– **શ્રી એમ.વી.ઝાલા,નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી કોળી જીલુભાઈ મગનભાઈ, મું.પલાસા, તા.મૂળી, જી.સુરેન્દ્રનગર ની નવું ખેતીવાડી કનેકશન ન મળવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૧૦૫/૨૦–૨૧ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગર ને પત્ર નં. અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૦૫/૨૦–૨૧/૧૦૧૯ તા.૨૨/૦૩/૨૦૨૧ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૧૧/૦૬/૨૦૨૧** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી શ્રી કોળી જીલુભાઈ મગનભાઈ પોતે હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એમ.વી.ઝાલા,નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆત:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ શ્રી કોળી જીલુભાઈ મગનભાઈ, મૂળી તાલુકામાં આવેલ પલાસા ગામનો વતની છે. જે ગામ વિસ્તાર અત્રેની કચેરી ના તાબા હેઠળ આવેલ મૂળી પેટા વિભાગીય કચેરી ના કાર્યક્ષેત્રમાં આવે છે.

૧.૨ વાદીની રજૂઆત છે કે, તેઓ દ્વારા ખેતીવાડી વિજ કનેકશન મેળવવા માટે પેટા વિભાગીય કચેરી, મૂળી ખાતે તા.૨૧/૧/૨૦૧૧ ના રોજ રસીદ નં–૨૨૧૯૯૫ થી રૂા.૨૦૦/– ભરીને રજીસ્ટ્રેશન કરાવેલ હતું. જેનું અંદાજપત્ર તેઓને તા.૯/૩/૨૦૨૧ સુધી મળેલ નથી.

૧.૩ આમ, વાદીની રજૂઆત છે કે, તેઓ અતિ ગરીબ પરિસ્થિતિ હેઠળ હોય,અને સદર વિજ જોડાણ ની જરૂરીયાત હોય, સદર વિજ જોડાણ માટેનું અંદાજપત્ર ઝડપથી આપવામાં આવે તેવી રજૂઆત કરેલ છે.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

☞ <u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,</u>

૨.૧ કોળી જીલુભાઈ મગનભાઈ, મૂળી તાલુકામાં આવેલ પલાસા ગામનો વતની છે. જે ગામ વિસ્તાર અત્રેની કચેરીના તાબા હેઠળ આવેલ મૂળી પેટા વિભાગીય કચેરી ના કાર્યક્ષેત્રમાં આવે છે.

૨.૨ વાદીની રજૂઆત મુજબ તેઓ દ્વારા ખેતીવાડી વિજ કનેકશન મેળવવા માટે પેટા વિભાગીય કચેરી, મૂળી ખાતે તા.૨૧/૧/૨૦૧૧ ના રોજ રસીદ નં–૨૨૧૯૯૫ થી રૂા.૨૦૦/– ભરીને રજીસ્ટ્રેશન કરાવેલ હતું. પણ સદર રજીસ્ટ્રેશન ની નોંધણી ખેતીવાડી થ્રી ફેઈઝ જનરલ પ્રાયોરીટી રજીસ્ટરમાં નોંધાયેલ નથી. જેથી, વાદીની અરજી પ્રાયોરીટીમાં નહી હોવાથી, અંદાજપત્ર આપવામાં આવેલ નથી. સદર ફરીયાદ નો જવાબ પેટા વિભાગીય કચેરી દ્વારા વાદીને તા.૨/૬/૨૦૨૧ ના રોજ મોકલવામાં આવેલ છે. તેમજ જનરલ પ્રાયોરીટી રજીસ્ટર ની નકલ આ સાથે સામેલ છે. જે આપ સાહેબની જાણ સારૂં.

Consumer Grievance Redressal Forum * P.G.V.C.L. Bhavnagar.

☞ <u>ફોરમનું તારણ</u> :– **વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદાર શ્રી કોળી જીલુભાઈ મગનભાઈ એ ગામ–પલાસા, તા.મૂળી માં નવા ખેતીવાડી વિજ જોડાણ માટે તા.૨૧/૧/૨૦૧૧ ના રોજ રસીદ નં–૨૨૧૯૯૫ થી રૂા.૨૦૦/– રજીસ્ટ્રેશન ચાર્જ ભરી અરજી નોંધણી કરાવેલ.

૩.૨ વાદીની ફોરમને રજૂઆત છે કે, હજુ સુધી તેઓને ખેતીવાડી વિજ જોડાણ નું અંદાજપત્ર મળેલ નથી.

૩.૩ આજરોજ વાદીએ ફોરમને તેઓએ ભરેલ રજીસ્ટ્રેશન ચાર્જ ની અસલ પહોંચ રજૂ કરેલ છે.

૩.૪ પ્રતિવાદી એ ફોરમને લેખિત કરેલ રજૂઆત મુજબ પ્રતિવાદીની મૂળી પેટા વિભાગીય કચેરી ના જે તે સમયના અધિકારી એ વાદીની ખેતીવાડી વિજ જોડાણ ની અરજી અગ્રતા ક્રમ રજીસ્ટરમાં નોંધણી કરવાની રહી ગયેલ. તેથી, વાદીને અંદાજપત્ર અપાયેલ નથી.

૩.૫ પ્રતિવાદીએ તા.૨૧/૧/૨૦૧૧ ના રોજ મૂળી પેટા વિભાગીય કચેરી માં નોંધાયેલ અરજી નું અગ્રતા ક્રમ રજીસ્ટર ની ઝેરોક્ષ નકલ રજૂ કરેલ છે. જેમાં, વાદીની અરજી ની નોંધણી કરવામાં આવેલ નથી. તેથી, અગ્રતા ક્રમ મુજબ જયારે, અંદાજપત્ર આપવામાં આવે ત્યારે, વાદીને અંદાજપત્ર અપાયેલ નહી.

૩.૬ પેરા નં–૩.૫ પરથી જણાય છે કે, પ્રતિવાદીએ વાદીની અરજી ની નોંધણી અગ્રતાક્રમ રજીસ્ટર માં ન કરવાથી અંદાજપત્ર આપેલ નહી. જેના કારણે, વાદી નવા ખેતીવાડી વિજ જોડાણ થી વંચિત રહેલ. આથી, હુકમ કરવામાં આવે છે કે, પ્રતિવાદી એ વાદીને હુકમ મળ્યે, દિવસ–૧૫ માં રજીસ્ટર એ.ડી પોસ્ટ થી વાદીને અંદાજપત્ર મોકલવું. જે ભર્યે થી આગળની કાર્યવાહી કરવી.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

-:: હુકમ ::-

- વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં." ૩.૬ " મુજબ હુકમ કરવામાં આવે છે.

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ-૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

(શ્રીમતી જે.એમ.મેહતા)
સ્વતંત્ર સભ્યશ્રી

ગેરહાજર

(પી.એન.આજકીયા)
ટેકનીકલ સભ્યશ્રી

(એમ. આર.વજરીયા)
અધ્યક્ષશ્રી,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.

તારીખ :- ૧૧/૦૬/૨૦૨૧.

Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar.